નવીન સંગીત

ગરબાઓનો સંગ્રહ.

3 6

લેખક—માસ્તર ત્રીભોવનદાસ લલ્લુભાઈ—શીમડાચોક—સુરત.

છાવી પ્રસિદ્ધ કર્તા—નાથુભાઈ પરભુદાસ ચોપડીઓ વેચનાર,

પ્રસિદ્ધ કરવાનું ઠે—બેગમપુરા મુલ્લાંવાડ ટાંકી સામુ—સુરત.

સુરત—ચૌટાના પુલ ઉપર આવેલા 'જૈન વિજય પ્રીન્ટીંગ પ્રેસ'માં

ઠાકોરદાસ માનસીંગે છાપ્યા.

આવૃત્તિ ૨ જી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫

કીંમત બે આના.

મીરાંબાઇનો ગરબો.

(પુનમ ચાંદનીનો રાગ)

[illegible] રહી રહીશું પુષ્પ ખેંચીરે,
મારા ઉભા છબીલા આનંદના આધાર;
ઉભી અરજ કરે છે મીરાં રાંકડીરે,
તમે દાસી તણાં દુઃખ [illegible] કરીને,
શીષ નામી માગું પ્રભુને પરણામ—ઉભી અરજ૦ ૧

સાખી

સાધુ [illegible] માં સુખ [illegible], [illegible],
સુખ દુઃખની મારી વાતડી, કોઇ ન પરખું કાન.
[illegible] રેહેવું મારે સાધુજીના સમાજમાંરે,
રાણો રોષે ભરાયો કરવી કુડે [illegible]—ઉભી અરજ૦ ૨

સાખી

આ વખત હરી આવજો, વિઠ્ઠલ ધાજો વ્હાર,
ગોવિંદ સાથે ગોઠડી, અબળાના આધાર.
વેરી વસમો જાણી વેગે વેહેલા આવજોરે,
નહી તો જરૂર મારા જીવનું જોખમ થાય—ઉભી અરજ૦ ૩

સાખી

ઉંડે કુવે ઉતારીયાં, તરત તુટીયું વરત,
તારણ વાળો તારજ, શામળીઓ સમરથ.
એવા વીવેકી વીઠલને જાણું વારણેરે,
જશે હરીજનોના અંતરના ઉચાટ—ઉભી અરજ૦ ૪

સાખી

વિશ્વાસે વળગી રહી, ત્રીકમ રાખો ટેક,
અરજી નહી તમ આગળે, મન ધરી વિવેક.
ભક્ત સારૂ આવે, ભાવે સુંદર ભેટવારે,
સત્ય રાખો હરી સાચા સુંદર શ્યામ—ઉભી અરજી૦ ૫

સાખી

નિતીધર્મ નવ ચુકજો, જ્યાં સુધી ઘટમાં પ્રાણ,
મહેરજે મીતુ ઉરે, હરી ઉગારે ટાણુ.
નિત્ય નામ લેતાં પાપી પાવન થાયછેરે,
પ્રભુ રાખો મુને પ્રેમ ધરીને પાસ—ઉભી અરજી૦ ૬

સાખી

કૃપાળા રણછોડજી, નમી નમો લાગું પાય,
દુષ્ટ કંથને દુર કરો, જેથી સીતળ થાય.
તમ દર્શન દીઠેથી દુઃખ જાયછેરે,
આવો ભેટવાને ભાવ ધરી ભગવાન—ઉભી અરજી૦ ૭

સાખી

ભક્તી ભેદના વેદને, શું જાણે ગમાર,
છોટમલ્લમની વીનતી, ગાજો નરને નાર.
હરી ભજે તેની આશા પુરણ થાયછેરે,
અંતે જાય બેસી વૈકુંઠે વિમાન—ઉભી અરજી૦ ૮

ગરબો—મીરાંનો ૨-જો.

રાગ પુનમ ચાંદનીનો.

ક્રોધ મીરાંને મનાવી વ્હેલાં આવજોરે,

તેને આપું વેડ વીંટીને ભંડાર;
જાવો તેડવાને વાર લાગે નહીંરે.

સાખી

રાણો કાગળ મોકલે, દેજો મીરાંને હાથ,
કંથ રૂદન કરે ઘણું, છોડી ચાલ્યા સાથ.
મારે અન તો લીધાની છે આખડીરે,
નહીં તો જરૂર મારા જીવનું જોખમ થાય—કોઇ મીરાંને૦ ૧

સાખી

શું કરૂં આ સાહ્યબી, મુજને છે ધીક્કાર,
વગર વાંકે કાહાડીઆં, સમજ્યો નહીં કઇ સાર.
મારા મનની વાતો મનમાં રહીરે,
ગયા પછી હવે હાથ ઘસે શું થાય—કોઇ મીરાંને૦ ૨

સાખી

સતી મનાવી લાવજો, સદાય પામું સુખ,
ક્યારે આવે એ સતી, જોવું મારે મુખ.
મારો અમુલખ મનખો એળે ગયોરે,
લાવ્યો ખેપીઓ ખબર તેણી વાર—કોઇ મીરાંને૦ ૩

સાખી

સાને શોક ધરો હવ, થનાર વસ્તુ થાય,
તેજમાં તેજ સમાઇ ગયાં, સામળીયાની સહાય.
એવો ભક્તી કેરો અતિ પ્રતાપ છેરે,
સૌની છોટા લાગે નમી નમી પાય—કોઇ મીરાંને૦ ૪

બજરંગીનો (હનુમાનજીનો) ગરબો.

સીતા રામનો રખવાળરે સમરૂ બજરંગી,
એતો અંજનીનો જાયો હનુમાનરે. સમરૂ.
એમને ચઢે છે તેલ સિંધુરરે—
માતાજીના વચન પાળવા પીતાજીને કાજ;
અયોધ્યા નગરીના રાજ છોડયાંરે, રામે ભોગવ્યા વનવાસરે. સમરૂ
વનમાં જઇ મઢી બનાવી આસન કીધાં ત્યાંય;
રંગમાં સીતાજીએ વૃક્ષ ત્યાં ફળ જુદાં જુદાં જાતનાંજ થાયરે સમરૂ
રાજા રાવણનો પ્રમાણો, જેની સુવર્ણની છે કાય,
ચરતા સીતાજીએ ભાળીઓરે, કહે રામને કાંચલડી સીવડાવરે. સમરૂ
કચવો સોનાનો સીવડાવશુ, નહીં ગામડામાં એ સાર;
હઠ લીધી સીતાજીએ ઘણી કાધા બોલ ઓશીયાળા અપારરે સમરૂ
બોલો સીતાના માગણી લીધ, રામે ધનુષ ત્યાં હાથ
પહેલુ તે બાણુ રામે ફેકીયું, તેનો જઇ પડ્યુ દરિયામાયરે. સમરૂ
બીજે બાણે મૃગ માર્યો, તમો ધાજો લક્ષ્મણ વીર;
સીતાજી કહે દીયરનેરે, તમો જાઓ હણાયા તમ વીર સમરૂ
બોલી સીતા ન બોલીએ, નવ રામ હણાયા જાય;
મેણાં દીધાં સીતાજીએ ઘણાંરે, તેથી લક્ષ્મણ ધાયો ત્યાંયરે. સમરૂ
રાવણ આવ્યો જોગી થઇ, કહે ભીક્ષા દે માય;
આપી આણ્યો છે રામનીરે, તુને ભીક્ષા તે કેમ અપાયરે. સમરૂ
કપટીએ કપટ લડાવીયું, ઉલ્લુ ચતું સમજાવી સાર;
બાંધે બેસાડી રાવણ ચાલીયોરે, કાંઇ હરી છે સીતા નારરે. સમરૂ
હજી બેડી ઉછાંછળાં. સમુદ્રનો નહીં તાગ;

સતીને રાવણ હરી ગયોરે, એની મેડીએ ઉડે છે કાગરે. સમરૂ
મારી મૃગ રામ આવીયા, નાખ્યો મઢીની બહાર;
દિસે સુનાં મંદીર માળીયાં, કહે લક્ષમણ ક્યાં ગઇ સતી નારરે. સમરૂ
રામ કહે લક્ષમણ તું કુલક્ષણો, ન સરીયાં કશાં કાજ,
ના હણ્યો વાડીનો મૃગલોરે, કાંઇ સાચવી ન સીતા નારરે. સમરૂ
લક્ષમણ કહે હું તમકુ લક્ષણો કુલક્ષણી તમારી નાર;
સીતા કડવું વચન બોલીયારે, મને લાગ્યા તે હાડોહાડરે. સમરૂ
રામ રૂવે લક્ષમણ રીઝવે, ના રોશો વેલા રામ;
સતિ સરીખી બીજી લાવસુરે, એનુ સીતા ધરાવીશું નામરે. સમરૂ
જળ જળ કમળ ન નીપજે હીરા વનવન અમ્બર ન હોય;
ઘેર ઘેર સિતા ના નીપજેરે, તુતો બાંધવ વિચારી જોયરે. સમરૂ
રામે બીડુ ફેંકીયુ કહે છે કામે બળીઓ જોય,
હનુમાને તેતો લીધું હાથમાંરે, લાવું સીતાજીની હું શોધરે. સમરૂ
અવળા ઇલટે ઉછળ્યા, પડીઓ સાગર મોઝાર;
લંકા મહી તે આવીઓરે, જોયા ચોરાશી બાવન બજારરે. સમરૂ
જોઇ વળ્યો લંકા બધી જોયું રાવણનું રાજ,
પતો સતિનો ના મળ્યો, આવ્યો થાકી પાણીને ઘાટરે. સમરૂ.
પનીયારી તુને વિનવું કંઇ બતાવે જો સિતા માય;
પનીયારીએ કહ્યું સાંભળોરે સિતા અશોક વાડીની માંયરે. સમરૂ.
ત્યાંથી હનુમાન ઉઠીઓ, ને આવ્યો વાડી જ્યાંય,
મુહેલી મુદ્રિકા પડતી ત્યારે, લીધી સીતાજીએતો સાંયરે. સમરૂ.
કોણ દિશાથી આવ્યા, શું છે તમારૂ નામ;
કોણે તમોને મોકલ્યા, લાવ્યા ક્યાંથી મુદ્રીકા આ મારા રામનીરે.

ઉત્તર દીશાથી આવીયા, પંચવટીમાં છે મુકામ;
રામ લક્ષ્મણ સુને મોકલ્યોરે છે હનુમાનજી મુજ નામરે. સમઝ.
સાત સમુદર આડા ભર્યા, જળનો નહિ કંઇ માન
દશતો સામા ઉભા હશેરે, બાઇ કેમ કરી મુકાવ્યો તે મારેરે સમઝ.
સાત સમુદર કોટે ફરને બાણુ લંકા અનુપ,
નથી મારા રામની આજ્ઞારે, નહીતો મારૂં હું રાવણ ભુપરે. સમઝ.
તરસ્યો તું હોઇશ બાઇ સાવજારે, જા પીને તું ટાઢા નીર;
ભુખ તુને લાગી હશે, તુ ખાને આ દાડમ અંજીરરે,
ફરીયાદ બાગનો માળીડોરે લેઇ રાવણની પાસે જાગરે. સમઝ.
અરજ સુણી માળી તણી, કોપ્યો રાવણ રાય;
મારો મારો એને શું જુઓ, ભાંગો લોઢે લાકડે એની કાયરે. સમઝ.
કુંભકરણે ભલાઇ બીડીયા, મારયુ જોરથી બાણ;
ઇંદ્રજીત કહે ગભરાઓ નહીરે, હું વાળું છું એનો ઘાણરે. સમઝ.
હનુમાનજી હસતા બોલીયા નહિ મરૂ એરણને ઘાણ
સાચુ કહે વંદગારે, ત્યારે શાથી જશે તુજ પ્રાણ. સમઝ.
આખી લંકાના ગોદડાં, અને સઘળા ઘંગીનું તેલ
મારે પુછડે બાંધી પછીરે, વળી અગ્ની તે તેમાં મેલરે. સમઝ.
તેલ મંગાવ્યું તરત, ત્યાં બાંધ્યા ગોદડાં સજડ
અગ્ની મુકતા સાથ હનુમાનજીરે, બેઠા ચઢી તે લંકા ગઢરે. સમઝ.
બાળ્યા મેડીને માળીયાં બાળ્યા બાવન બજાર
હાહાકાર ત્યાં થઇ રહયોરે, રૂવે નાના મોટાં નરનારરે. સમઝ.
પછી સ્નાન કરી હનુમાનજી આવ્યા રામજી જ્યાંય
સીતાની ખબર આપી એનેરે કહ્યું લંકામાં લાગી છે લાયરે. સમઝ.

રામ લક્ષ્મણ યુધે ચડ્યા, ઇંદ્રજીત માર્યો ત્યાંય
ઓળખ્યો ઇંદ્રજીત તેમણેરે, ત્યારે લક્ષ્મણને થઇ મુર્છાયરે. સમર.
રામજી ઘણા દીલગીર થયા, ઉચર્યા દીલમાંહી બોલ
કાંચલડીને કારણેરે, મારો અખંડ ખાડી જોડરે. સમર.
ગયાંતા તમો ત્રણ જણાને આવ્યા એકાએક
માતા સુમીત્રા એમ પુછશેરે, ત્યારે ઉત્તર શો દઇશ હું તેહરે. સમર.
વાણુ વાયુ આવ્યા હનુમાનજી, લાગ્યા અપરકુપ સાર
મુર્છાવાળી લક્ષ્મણ તણીરે, ત્યારે વરત્યો તે જેજેકારરે સમર.
થયુ યુદ્ધ ત્યાં અતિઘણું મારયો રાવણ ભુપ
સીતા સતી મળી રામને પછે વીઘન પડ્યાં જઇ કુપરે સમર.

નળ રાજાનો ગરબો.

કે નળ રાજાનું આખ્યાન તમે ધરી હયોને ધ્યાન દમયંતી સોયા બળ કહુ તુજને કે [illegible]સહ દેશનો રાય, તે તો મૃગયા રમવા જાયે, ત્યાંથી લાવ્યો જનાવર એક, હંસને હંસ કહેવા લાગ્યો વાત, રાજા નળને [illegible]ગાથ મુને, મુકી દો મહારાજ, મારી નારી રૂવે શું કહુ તુજને, [illegible] પુત્રની છે માત, તેને મળી આવું આજ, આપ્યું વચન છોડી દીધો હંસને, હંસ ઉડયો ઉડ્યો જાય, એની નારીની પાસ, ત્રણ દીવસમાં આવ્યો રાજા કને,

સાખી

રાજા હંસ ઘેર આવ્યા, તેને હૈયે હરખ ન માયે;
હંસ વાહન બ્રહ્મા તણું, તેને નીને કેમ કહેવાયે.

વચન આપુ તુજને રાજા કહે છે હંસને તું કન્યા લાવની શોધીને હંસ ઉડયો ઉડયો જાય સોધ્યા સ્વર્ગ પાતાળ ત્યાંથી ઉડયો

કુંદનપુર નગરીમાં કુંદનપુરનો છે રાયરાજા ભીમક કહેવાય તેની પુત્રી કુંવારી એક દમયંતી તે તો કુંવારી કહેવાય જોવા રહે છે વાડી માંહે હંસ જઈ એ બેઠો ઝાડ ઉપર કરે નળનાં વખાણ થયું કન્યાને જાણ જુવો કોણ બોલે છે નર વાડીમાં.

સાખી

દમયંતીએ દાસીને કહ્યું, જુઓ કોણ બોલે છે વાડી માંય,
એવા નર તે કોણ છે. વળી કેમ કરીને ઓળખાય.

દાસી ફરતી ફરતી આવી હંસ બેઠા નીચી ડાળ વહાલો હાથે કરીને પકડાઈ ગયો નારીએ ચાંપ્યો રૂદીઆ સાથ પછી પુછી નળની વાત એવા નંળ કુંગારા કેમ રહ્યા હંસ કહેવા લાગ્યો વાત, રાણી દમયંતીની સાથ તેના તેજ થકીરે રવી જંખવાઈ જાય નારીનું વચન લઈ જ્યાં, હંસ ઉડયો છે ત્યાં પાછું ફરીને નઈષદ દેશ ગયો.

સાખી

રાજા ભીમકની પુત્રી, તેની પાનળી સરખી કાય;
ત્રણ ભુવનમા ફરી વળ્યો, એવી કન્યા મળેના ક્યાંય

તેના તેજ તણો નહિ પાર તમે, શું કરો વિચાર જઈ પરણો કન્યા દમયંતી નારદ મૂની કહેવાય તે તો દેવ સભામાં જાય જઈ કહ્યા સમાચાર ઈંદ્રને વાયું વરૂણ અગ્નિ આવીયા જોડે જંમરાજાને લાવ્યા. ઘણા ચરિત્ર કીધા રાયે, છળવાને ચારે બ્રહ્મ થયા નારદ કને ગયા તું પરણવા દે કન્યા હમને.

સાખી

પાંચે મંડપમાં ગયા, ધરી નળનું રૂપ;
આવી હતી વરમાળા આપવા, તે ગઈ છે પાછી ફરી

પુછેપીતાને વાત પુત્રી પુછે પીતાને વાત બાળાકોને આરોપુ એહીં આવ્યા છે પાંચે નળ બનીને નારી ફરતી ફરતી આવી વર બાળા આરોપી. નળરાજા તે એકબાકને દોધા શ્રાપ રીછ રોઝ વાગ વાંદર બન્યા તેનો દેવ સભામાં ગયા એતો ઓશીઆળા થયા ઘરની નારીઓ મહેણાં દે છે એમ કહે છે ખુશાલદાસ સાબાશ જગજીવન એતો કળજુગ વ્યાપ્યો નળ રાજાને.

પંદર તીથીઓનો ગરબો

સખી પડવે તે પંથ ચાલ્યારે, મહા વનના તે મારગ ઝાલ્યારે,
સાથે સીતાને લક્ષમણ બાળા, રઘુપતીરામ હ્રદેમાં રહેજોરે. ૧
સખી બીજે મઢીમાં બીરાજેરે, જેવા નદીઓ તણાં નીર ગાજેરે;
રામ મેલી ગયાં રૂડુ રાજ રઘુપતી રામ હ્રદેમાં રહેજોરે,
સખી ત્રીજે વનની ઝાડીરે. દશ ફુળ મંગાવે દાડીરે;
સારી શોભે સીતાજીની વાડી. રઘુ૦
સખી ચોથે કેવડીઓ લ્હેકેરે, શાશા ફુલોને મોગરા મેકેરે;
એવી લીલી લતાઓ લેકે રઘુ૦
સખી પાંચમે પોપટ પાળ્યોરે. પાંખ લીલાને કંઠેલા કાળોરે;
મુખે રામ નામ ભણુતો બાળો રઘુ૦
સખી છઠે છેતરવાને આવ્યોરે, કુડો કપટી રાવણ સાથે આવ્યોરે.
બે મુખનો મૃગ બનાવ્યો. રઘુ૦
સખી સાતમે શ્રીહરી સમર્યારે, વાડી ભેગી ઉડાડયા ભમરારે;
દુખ સહીને ઉઠેર્યા ડમરા રઘુ૦
સખી આઠમે એને તીહાળોરે, ધનુષધારીને મૃગશો મારયોરે;
મરગ મરતી લખણે પોકારો પોકાર્યો રઘુ૦

સખી નોમે તે નાખો તીરરે, જઇ વાગ્યો મૃગ શરીરરે;
વારે ધાજો લક્ષમણ વિર. રઘુ૦
સખી દશમે કહે લક્ષમણનેરે, બેની નિરો બોલાવે છે તમનેરે
આડી આણ દિધી છે અમને, રઘુ૦
સખી એકાદશી અપત્રાશીરે, લંપટ લેવાને લાગ તપાશીરે
રાવણ સીતાને લઇ ગયો નાશી. રઘુ૦
સખી બારસે હનુમાન બળાયોરે, થેકી સમુદ્રપાર ઉતરીયોરે;
જઇ જોગ માયાને મળીયો. રઘુ૦
સખી તેરસે તંબોળુ ગાજેરે, હાક હનુમાન કેરી વાગેરે;
લાર લંકા તે ગઢમાં લાગે. રઘુ૦
સખી ચઉદસે ચિત વિચારીરે, ફોજ વાંદરની રચી સારીરે;
રામે રાવણને નાંખ્યો મારી, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.
સખી પુનેમે પ્રભુજી આવ્યારે, થાળ ભરી મોતીડે વધાવ્યારે;
માત કૌશલ્યાને મન ભાવ્યા, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.

બહુચરાજીનો ગરબો.

બલિહારીરે બહુચર માત જોવાને જઇએ
જોવા જઇએ સુખિયાં થઇયે, આરાસુરમાં રહિયેરે;
આરાસુરમાં અંબા બીરાજે, પાવાગઢ માહાકાળીરે. જોવા ૧
માને પારે હવન થાયને, ચિર ચુંદડી હોમાયરે;
બ્રાહમણ બેઠા વેદ ભણે છે, માના મંગળ ગાય. જોવા. ૨
માને પારે જે કોઇ જાશે, તેની પુરે આશરે;
કરજોડી જન વલ્લભ કહે મા હું છું તારો દાશ. જોવા. ૩

પંદર તીથીઓનો ગરબો.

પડવાની પણ પ્રીત ગટમટ ભુલીરે, મારા હરી વિના એક વાત સરવે સુતીરે, બીજે બાળે વેશ રહુ છું બાળીરે, આ ઘરમાં કેમ રહેવાય; વાગે તાળીરે; ત્રીજે ત્રીભોવનરાય રાજ પધારોરે, હરી આવો આપણે ઘેર; હેત વધારોરે. ચોથે ચતુરા નાર ચંચળ ચાલોરે, પેલો વડોદરાનો વઇદ, દુખડા ટાળેરે; પાંચમના પડદા હરી શું રાખ્યારે મારે પ્રેમરસ પીવા કાજ, હરીરસ ચાખોરે; છઠીના લખીયા લેખ, તે કેમ ટળશેરે, મારા પેલા ભવની પ્રીત, આવી મળશેરે. સાતમના સંતાપ, આ શું કહીએરે, માહારાજ લાજ નથી લગાર શું કહુ તમનેરે, આઠમ ઓછવ થાય, હરી હોય હેલીરે મારે સોળ ગોપીનો સાથ; રમવા ઘેલીરે. નોમે નમેરા નાથ નમેરા ન થઇએરે; આ ગોકુળ મેલી નાથ મથુરા ન જઇએરે; દશમે દીન રાત દેહ મારી દાઝેરે, ઘેર નાવલીઓ નહીં સાથ, તે દુઃખ સાલેરે, એકાદશીના વ્રત મારે કરવારે, શ્રી જમુનાજીના ધ્યાન મારે ધરવારે, દ્વાદશીના દાહાડે દરશન દેજોરે, મારા સામળીઆ ભગવાન, સનમુખ રહેજોરે; તેરસના તો તન અમારા તુટયાંરે, આ હરી હરી કરતાં હોઠ અમારા સુકયારે. ચઉદસે તો ચતુર નર શું વાહાયારે, ઘેર રાધા સરખી નાર શું રીસાયારે, પુનમે તો પંદર તથો થઇ કહાવેરે સુની સેજલડીમાં સુતા નિદ્રા નાવેરે.

મલાવરાવનો રાસડો.

પીતળ લોટા જળે ભરયારે દાતણ કરતા જાવોરે,
મલારરાવ શેહેરનો શુબો કયારે આવશેરે;
દાતણ કરશું વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે, મ.

ચીનના પ્યાલા એમ રહયારે, મરદન કરતા જાઓરે મ. ૧
મરદન કરશુ વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મ.
ત્રાંબા તે કુંડીઓ જળે ભરીરે, નાવણ કરતારે જાવ મ. ૨
નાવણ કરશું વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મ.
રાંધી રશોઇઓ એમ રહીરે, ભોજન કરતારે જાવરે મ. ૩
ભોજન કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મ.
પાનસોપારીને એલચીરે, મુખવાસ કરતા જાવરે મ. ૪
મુખવાસ કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મ.
શોનાતે કેરા શોગટાંરે રમત રમતા જાવરે મ. ૫
રમત રમશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મ.
ઢીયણ સામો ઢોલીયોરે પોઢન કરતા જાઓરે મ. ૬
પોઢણ કરશું વાડીએરે ફરતી ફીરંગીની ફોજરે મ.
કયાથી આવ્યા પેલા પરદેશરે, માથે ટોપીને ભુરો વેશરે મ. ૭
રાણી રૂવે રંગમહેલમાંરે દાશીઓ રૂવે દરબારરે મ.
હાટે રૂવે હાટ વાણીઆરે, ચોરે રૂવે ચારણ ભાટરે. મ. ૮

દાણલીલા.

રાધા—પાલવડો મારો મેલો મોહનજી, મારગડે મને જાવાદો;
આવતાં આપીશ દાણ તમારૂ, મહી મારાં વેચાવા દો.
કૃષ્ણ—વેચતાં તુને કોણ વારે છે, સાંભળને રાધે પ્યારી;
મહી ગોરસનું દાનજ દેની, વહેલી થાને વરજનારી.
રાધા—નારી કહી પ્રભુ શું બોલાવે, છાનો રહેજે છોગાળા;
કઠણ રાજ છે કંસનું ગોચારંતા ગોવાળા.
કૃષ્ણ—હુંરે ગોવાળીઓ તુંરે ગોવાલણ, ફરી ગમે તો આવજે;

કંસ સરીખા સો હીમાયતી સાથે તેડી તું લાવજે.
રાધા—નહી તેડી લાવું હો મુને જાવા, રોકી રહ્યા છો વ્રજનારી;
રઘુનાથનાં સ્વામી હો શામળીઆ, ઘેલા દીસો છો ગીરધારી.
કૃષ્ણ—ઘેલો છું પણ દાણ ન ચુકું, હોકડો નહી લઉં એક ખોટો;
ગીરધારીએ ગામ ગોકુળ વસાવ્યું, ફરી કરતાં કૃષ્ન મોટો.
રાધા—મોટો હતો ત્યારે મથુરામાંથી અરધી રાતે શીદ આવ્યો;
પરઘેર રહીને પેટ ભરતો. નોતો તે દાણી કાવ્યો.
કૃષ્ણ—વાંકુ બોલતી વાર કરતી, કેતો હૈયાનો હાર તોડું;
દાણ દધીના આપોને આમળા, કાંતો મહીના માટ ફોડું.
રાધા—હાર નહી તુટે [illegible] [illegible], [illegible] [illegible]નાં પુછાશે;
રઘુનાથના સ્વામી હો સામળીયા, ગોકુળમા કેમ રહેવાશે.
કૃષ્ણ—ન રહેવાય તો જાવ અત્યારે, દાણ દધીનું નહી મેલું;
ચીર હર્યાં તે ગયાં વીસરી, કામનીયું કરશુ પેલું.
રાધા—નંદ તણે ઘેર નવ લાખ ગાયું, નોતુ તે ધન ફાવ્યું છે;
માતા તારા મહી વેચંતી, હમણાં રાજ આવ્યું છે.
કૃષ્ણ—આવ્યું આવ્યું કરતી રહેને, મેણાં દેતી મહીઆરી;
ધુત પણામાં તું છે ધુતારી, ઠગપણમાં ઠગનારી.
રાધા—હું ધુતારી તું પેંચેશો, તારી માને મહેણાં દેવરાવે;
રઘુનાથના સ્વામી હો સામળીયા, ઝાઝું તે શું કહેવરાવે.
કૃષ્ણ—કહ્યું પણ દેતી નથી, રાખી રહી છે મુરખપણું;
હમે રહીએ રાજ દરબારમાં, અમારી નથી ઓળખાણું.
રાધા—ઓળખાણું પણ આવ્યો નાસી, મહાવનમાં તું છાનો છે;
જાદવ કુળ મધ્યે જન્મ છે તારો, નંદ તણે ઘેર નાનો છે.

કૃષ્ણ—નંદ જસોદા મહા ભાગ્યશાળી, તેના તો અમો અધિકારી;
મોટા મુનીવર મર્મ ન જાણે, વ્રજવાસી મે ગૌચારી.
રાધા—ગૌચારી ગોપી વરતાં, હમને તો તમે ફિકારી;
મથુરાનાથના સ્વામી સાંભળો, તમે જીત્યા હું હારી.

મિલીંદરમ ગરબો.

પુનમ ચાંદની ખીલી પુરી આદારે, શોભે રજની સુંદર શા આજ;
હેતે સખીઓ સંગાથે સૈયર આવજોરે.
સૌવર ફંકણો સોનાના હર ધર્યારે ચોકે ડોડીગાંઠે વિલમ ભાણી નગ—હે
તારામાં આજે આપણે ખતી શોભ શણગાર;
કર કંકણ ચુડી ગજરા, [illegible].
કાને [illegible] જડેલ ઉરહાર [illegible] મોતી ઝળકે બાજુબંધ—હેને
અંગોઠા ફુલે જડયાં, સાલેથી શિણગાર;
કીધા કુમકુમ ચાંદલા, મુક્યા માળા ફેર.
આરસપારસમણી જડેલા ચોકછેરે, તેમાં રમતાં વસતાં હૈયે નણુદલવીર.
પેર્યા ઝાંઝર પ્રીતથી, ઝણુઝુ કરે ઝણકાર;
ધરીએ સૈયર ફુદડી આ રજની મોજાગ,
સખી વેલીઓ ફુલી વિધવિધ ભાતનારે, તેનો આપે છે શી સુંદર-
સુગંધ-હેતે.

કાળકા માતાનો ગરબો.

મા તું પાવાની પટરાણી કે, કાળીમારે લોલ
મા તારે ડુંગરે ચઢવું તે, અતિ ઘણું દોહલું રે લોલ
મા તારી પ્રદક્ષણા કરવી કે વરણન શું કરું રે લોલ
વિશ્વામિત્ર તપ કરતા બેઠા કે, ચઢે ગંગા મહાદેવ સજ્યારે લોલ

ત્યાં કાંઇ ગાતાતા ગરબા કે, માજી આવ્યારે લોલ
રાજાજીએ છેડલો સાહયો હાથ કે, માજી પ્રસન્ન થયારે લોલ
માગ્ય માગ્ય કુટુંબ કુશળ ક્ષેમ કે, જંજાળ અતીઘણીરે લોલ
માગ્ય માગ્ય ઘોડાની ઘોડલ કે, હાથી ઝુલતારે લોલ
માગ્ય માગ્ય દક્ષણ સરખા દેશ કે, કીલ્લા અતી ઘણારે લોલ
માગ્ય માગ્ય ગુજરાત સરખી ગાદી કે, બંદર બેસણાંરે લોલ
માગ્ય માગ્ય નવેખંડનાં રાજ્ય કે, ચાંદો સુર્ય તપેરે લોલ
માગુ માગુ એટલું વરદાન કે, મારા મોહોલે પધારીએરે લોલ
ફટ ફટ પાળના રાજન કે, એ શુ માગીયુરે લોલ
આજથી છઠેને છ માસે કે, મુળ જશે રે લોલ
એમ કહી માતા થયાં અલોપ કે, પાવો હાથ ઘસી રહયોરે લોલ
મુગલ ચઢાવીને ફોજ કે, પાવાગઢ પેશીઓરે લોલ
દરવાજે ઉભા દરવાન કે, કોઇને પછાંયોરે લોલ
રાજાજીએ ખોદાવીયું તળાવ કે, પાવન નવ સરયુરે લોલ
મુગલે ખોદાવીયું તળાવ કે જલ તણું ભરયુરે લોલ
માજીનો એવો છે મહીમાય કે, કવા નર કહી સકેરે લોલ